વિધા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL


અંક : 125 | વર્ષ : 12 | એપ્રિલ : 2024 | પેઇજ : 13

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા






શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011

web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# અકબર બીરલની વાર્તા બીરબલે ચોરને પકડયો





આ વાર્તા રાજા અકબરના સમયની છે. એક વાર એક વેપારી તેમના કોઇ કામથી થોડા દિવસો માટે તેના પ્રદેશથી દૂર ગયો હતો. જ્યારે તે તેનુ કામ ખત્મ કરીને ઘરે પહોંચ્યો તો જુએ છે કે તેની આખી તિજોરી ખાલી છે. તેની મેહનતની આખી કમાણી ચોરી થઇ ગઇ છે. વેપારી ગભરાઇ ગયો અને તેણે તેમના ઘરના બધા નોકરોને બોલાવ્યા. વેપારીના ઘરમા કુલ 5 નોકર હતા. વેપારીના એક અવાજ પર બધા નોકર આવીને સામે ઉભા રહી ગયા.

વેપારી તેમણાથી પૂછ્યું "તમે બધા ઘરે હતા તોય પણ આટલી મોટી ચોરી કેમ થઇ ગઇ? જ્યારે ચોર આવીને મારી તિજોરી સાફ કરી ગયો, તે સમયે તમે બધા ક્યાં હતા?" " એક નોકરે જવાબ આપ્યો "અમને તો ખબર જ થઇ જે આ ચોરી ક્યારે થઇ માલિક અમે સૂઈ રહ્યાં હતાં" આ સાંભળીને વેપારી ગુસ્સે થઇ ગયો અને બોલ્યો, "મને લાગે છે કે તમારા પાંચમાંથી એકે જ ચોરી કરી છે." હવે ફક્ત રાજા અકબર જ તમારો હિસાબ પતાવશે. આટલું કહીને તે મહેલ તરફ જવા લાગ્યો.

રાજા અકબરે તેમના દરબારમાં બેસીને લોકોની સમસ્યા સાંભળી રહ્યા ં હતા ં ત્યારે વેપારી એ ત્યાં પહોંચીને કહ્યુ "ન્યાયાધીશ સાહેબ, મારી સમસ્યાનું નિરાકરણ કરો" રાજાએ પૂછ્યું, “શું થયું ? તમે કોણ છો અને તમારી સમસ્યા શું છે?" વેપારીએ કહ્યું, મહારાજ, હું તમારા રાજ્યમાં રહેતો વેપારી છું. કોઇ કામ માટે થોડા દિવસો રાજ્યની બહાર ગયો હતો. જ્યારે હું પાછો આવ્યો ત્યારે મારી આખી તિજોરી લૂંટાઇ ગઈ હતી. હું બરબાદ થઈ ગયો છું, સાહેબ. મને મદદ કરો."


બીજા દિવસે બીરબલ વેપારીના ઘરે પહોંચ્યો. તેણે બધા નોકરોને બોલાવ્યા અને તેમણે પૂછયું કે ચોરીની રાત તે બધા કયાં હતા? બધાએ કહયું કે તે વેપારીના ઘરમાં જ રહે છે અને તે રાતે પણ વેપારીના ઘરમાં સૂઈ રરહ્યાં હતાં.

બીરબલે તેમની વાત માની લીધી અને કહ્યું "તમારે બધાને પરેશાન થવાની કોઇ જરૂર નથી મારા હાથમાં પાંચ જાદુની લાકડીઓ છે" હું તમને બધાને એક -એક લાકડી આપીશ જે પણ ચોર હશે તેમની લાકડી આજની રાતે બે ઈંચ લાંબી થઇ જશે અને ચોર પકડાઇ જશે. આપણે બધા કાલે અહીં જ મળશું. આ કહીને બીરબલ બધાના હાથમાં એક -એક લાકડી આપી અને ત્યાંથી ચાલ્યો ગયો. દિવસ પસાર થયો. બીજા દિવસે બીરબરલ ફરીથી વેપારીના ઘરે પહોંચ્યો અને તેણે બધા નોકરોનને પોત-પોતાની લાકડી સાથે બોલાવ્યા. જ્યારે બીરબલ બધાની લાકડી જોઇ, તો તેણે જોયુ કે એક નોકરની લાકડી બે ઈંચ નાની છે. પછી શું હતું. બીરબલ તરત જ સૈનિકોને તે નોકરને પકડવાનો આદેશ આપ્યો. વેપારી આ સમગ્ર ઘટનાને સમજી શક્યો નહીં અને મુંઝવણ ભરી નજરે બીરબલ સામે જોવા લાગ્યો. બીરબલે વેપારીને સમજાવ્યું કે લાકડી જાદુઈ ન હતી પણ ચોરને ડર હતો કે તેની લાકડી બે ઈંચ મોટી થઈ જશે અને આ ડરને લીધે તેણે તેની લાકડી બે ઈંચનું કાપી અને તે પકડાઇ ગયો. વેપારી બીરબલની ચતુરાઈથી ખૂબ પ્રભાવિત થયો અને તેનો આભાર માન્યો.

શિખામણ -

બાળકો, બીરબલે ચોરને પકડ્યો તે વાર્તામાંથી આપણે શીખીએ છીએ કે ગમે તેટલું ચતુરાઈથી ખોટું કામ કરવામાં આવે, તે દરેકના ધ્યાનમાં આવે છે અને તેના પરિણામો હંમેશા ખરાબ આવે છે.

# બરફથી છવાયેલા દક્ષિણધ્રુવનું અવનવું




પૃથ્વી પર દક્ષિણ ધ્રુવનો ૧૩૨૦૯૦૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર એટલે સૌથી સૂકો, ઠંડો અને તીવ્ર ઠંડા પવનોનો પ્રદેશ સમગ્ર પૃથ્વીના હવામાન પર અસર કરે છે. કરોડો વર્ષ પહેલા પૃથ્વીના દક્ષિણ ધ્રુવનો પ્રદેશ ગોંડવાના લેન્ડ નામનો મોટો ખંડ હતો. તેની ધરતી પર કાયમ માટે ૨૦૦૦ મીટર બરફનું પડ જામેલું રહે છે. તેની નીચે જમીન અને ખાડા ટેકરા છે.

દક્ષિણ ધ્રુવના હવામાનની વાત જ ન કરાય. વિચાર આવતાંય ઠંડી ચઢી જાય. અહીં માઈનસ ૭૩ ડિગ્રી સેલ્શિયસ તાપમાન સામાન્ય કહેવાય છે. અને ૩૦૦ કિલોમીટરની ઝડપે ઠંડા પવનો વાય છે. આવા વાતાવરણમાંય ચાર જાતની વનસ્પતિ થાય છે. બરફના પડમાં ટાપુની જેમ કયાંક કયાંક ઉપસી આવેલી જમીનપરછોડદેખાયછે.



દક્ષિણ ધ્રુવ પર સંશોધનો કરવા માટે મોટું મથક સ્થાપેલું છે. વિવિધ દેશોના વિજ્ઞાનીઓ અહીં રહીને અભ્યાસ કરે છે. દક્ષિણ ધ્રુવ પાંચમો સૌથી મોટો ખંડ છે, પૃથ્વી પરનું ૭૦ ટકા મીઠું પાણી એન્ટાર્કટિકામાં સંગ્રહાયેલું છે.

એન્ટાર્કટિકાના બરફના પડની નીચે સૌથી મોટી પર્વતમાળા ગેમ્બર્ટસેવ માઉન્ટેન ૧૨૦૦ કિલોમીટર લાંબી છે. અને ૩૦૦૦ મીટર ઊંચી છે.



## ૧૩ ફૂટનો વિરાટ કરચલો : જાપાનીઝ સ્પાઈડર ક્રેબ



કરચલા શરીર પર કવચ ધરાવતા દરિયાઈ જીવ છે. આડા પગે ચાલનારા કરચલાની અનેક જાત છે. તેમાં જાપાનનો સ્પાઈડર ક્રેબ સૌથી મોટો છે. તેના આઠ પગનો ઘેરાવો ૧૩ ફૂટ હોય છે.

મોટા પગ જ નહીં પણ વજનમાં પણ વિક્રમી છે. તેનું વજન લગભગ ૩૦ કિલોની આસપાસ થાય છે. આ કરચલો સૌથી મોટો અષ્ટપગી જીવ છે. તેના શરીર પરનું કવચ દરિયાના તળિયાના ખડકો જેવા રંગનું હોય છે. તે સમયાંતરે ઉતરીને નવું આવે છે. દરિયામાં તે ૧૬૦ ફૂટની ઊંડાઈએ રહે છે અને ૨૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી જોવા મળે છે.

સ્પાઈડર ક્રેબના આઠ પગ પૈકી આગળના બે પગ હાથ જેવું કામ કરે છે. તેના છેડે પંજા હોય છે. તેની આંગળીઓ શકિતશાળી હોય છે. આ કરચલો નાની માછલીઓનો શિકાર કરે છે. આ કરચલો પોતાની જાતને છુપાવવા માટે આસપાસના વાતાવરણમાં રંગીન શેવાળ અને નાના કોટલા ખેંચીને શરીરને રંગીન બનાવે છે. જાપાનના લોકો આ કરચલાને ઘરના એકવેરિયમમાં પણ રાખે છે.

## ઓડિશાનું પ્રાચીન મંદિર : લિંગરાજ



ઓડિશાના ભૂવનેશ્વરમાં આવેલું સૌથી મોટું લિંગરાજ મંદિર કલિંગ સ્થાપત્યનો નમૂનો છે. તે ૧૧ મી સદીમાં બંધાયેલું. તેનો કેટલોક ભાગ છઠ્ઠી સદીમાં બંધાયો હતો. લિંગરાજ મંદિરનું સંકુલ ૫૨૦ ફૂટ લાંબા અને ૪૬૫ ફૂટ પહોળા પટાંગણમાં સાત ફૂટ જાડી દીવાલથી રક્ષિત છે. દીવાલના ખૂણે ૪૫ મીટર ઊંચા ટાવર છે. તેનો દરવાજો ચંદનના લાકડાનો બનેલો છે.

મંદિરનો મુખ્ય ભાગ મંડપ ૧૩ મીટર લાંબો અને પહોળો છે. દીવાલો પર સુંદર શિલ્પો કોતરાયેલા છે. તેનું છાપરૂં પિરામીડ આકારનું છે.

લિંગરાજ મંદિરમાં ત્રિભૂવનેશ્વર ભગવાનની પૂજા થાય છે. આ મંદિરમાં અનેક ઉત્સવો યોજાય છે. શિવરાત્રીનો મેળો જાણીતો છે. અશોકાષ્ટમીને દિવસે લિંગરાજની રથયાત્રા નીકળે છે. દેશભરમાંથી શ્રધ્ધાળુઓ અને સહેલાણીઓ આ મંદિરની મુલાકાત લે છે.

# પક્ષીઓના રોમાંચક વિક્રમ





- સૌથી વજનદાર પક્ષીઃ શાહમૃગ વધુમાં વધુ વજન ૧૫૬ કિલોગ્રામ
- સૌથી બુદ્ધિશાળીઃ આફ્રિકન પોપટ ૮૦૦ જેટલા શબ્દો યાદ રાખી બોલી શકે.
- સૌથી વધુ પાંખનો ઘેરાવોઃ આલ્બાટ્રોસ પાંખનો ઘેરાવો ૩.૬૩ મીટર
- સૌથી નાનું પક્ષી : હમિંગબર્ડ, ૨૦૪ ઈંચ લાંબુ અને ૧.૬ ગ્રામ વજન
- સૌથી ધીમું ઊડનારૂં પક્ષી : વૂડકોક કલાકના આઠ કિલોમીટર
- સૌથી વધુ સમય ઊડનારૂં પક્ષી : સુલી ટર્ન, ૩ થી ૧૦ વર્ષ સુધી આકાશમાં જ રહે
- સૌથી તેજ શ્રવણશકિત : બાર્ન આઉલ (ઘૂવડ) ઉંદરનો સળવળાટ પણ સાંભળી શકે
- સૌથી મોટી ચાંચ : ટોકો ટૂકાન. આઠ ઈંચ લાંબી લાલ ચાંચ
- સૌથી શકિતશાળી : હર્પી ઈગલ, વાનર અને બકરી જેવા પ્રાણીઓને ઊંચકીને ઉડી શકે
- સૌથી લાંબી પૂંછડી : જાપાનના આનાગાદોરી કૂકડા, ૩૫ ફૂટ લાંબી પૂંછડી.
- સૌથી નાનું ઈંડું : વેરવિયન હમિંગબર્ડ, તેનું ઈંડુ ૧૦ મીમી લાંબુ અને ૦.૩૫૦ ગ્રામ વજનનું હોય છે.



# પૃથ્વી પરનાં કેટલાક બુદ્ધિશાળી પ્રાણીઓ

**૧. ઓક્ટોપસ :** વિચિત્ર અને વિજ્ઞાનીઓ પણ જેની રચના પૂરી સમજી શક્યા નથી એવા આ જીવ ઘણી સમસ્યા આપ મેળે ઉકેલી શકે છે. ભૂલભૂલામણીમાંથી રસ્તો શોધી શકે છે. અને પોપટની જેમ ઘણું યાદ રાખી શકે છે. માણસના શરીરમાં લગભગ ૧૦૦ અબજ જ્ઞાનકોષો હોય છે. પરંતુ ઓક્ટોપસના શરીરમાં ૧૩૦ અબજ જ્ઞાનકોષો કે ન્યુરોનની સંખ્યા બુધ્ધિમતા નક્કી કરે છે.





**૨. કબૂતર :** પોપટ ઘણા શબ્દો યાદ રાખી બોલી શકે છે પરંતુ કબૂતર તેના કરતા બુધ્ધિશાળી ગણાય છે. વિજ્ઞાનીઓ તેને 'પાંખવાળા ઉદર' કહે છે. કબૂતરની યાદશકિત ભારે છે તે હજારો સ્થળો અને ફોટા પણ યાદ રાખી શકે છે. લાંબા અંતર સુધી ઊડયા પછી રસ્તો પણ યાદ રાખી શકે છે. તમે જાણો છો કે આકાશમાં દિશા અને રસ્તો યાદ રાખવા કેટલા અઘરા છે. વિજ્ઞાનીઓ કહે છે કે ત્રણ વર્ષના બાળક જેટલી જ બુધ્ધિમતા કબૂતરમાં હોય છે.

**૩. ગોરિલા અને ચિમ્પાન્ઝી :** માણસ પછી સૌથી બુધ્ધિશાળી પ્રાણીઓ ગોરિલા અને ચિમ્પાન્ઝી છે. વાનરની આ બંને જાત માણસજાતની વધુ નજીક છે. તેમને સાંકેતિક ભાષા શીખવી શકાય છે. તે માણસના ચહેરા વર્ષો પછીય ઓળખી કાઢે છે.





**૪. હાથી :** હાથી સર્જનાત્મક રીતે કેટલાક સાધનોનો ઊપયોગ કરી શકે છે. જંગલમાં પોતાનો ખોરાક મેળવવા ઉપરાંત તે સાફ કરીને ખાય છે. તે માટે તે સૂંઢ ઉપરાંત ડાળીઓ અને પાનનો ઊપયોગ કરે છે. પાળેલા હાથી હુકમ મુજબ કામ કરે છે.

## અંગ્રેજીમાં **Laughter is Best Medicine** એવી માન્યતાનું સૂચક જાણીતું વાકય છે. માન્યતામાં વિજ્ઞાન કેટલું ?



વિજ્ઞાન એ કહે છે કે ખળખળાટ હસો ત્યારે માનસિક તણાવને ઘટાડી દેતા કે દૂર કરી દેતા સેરોટિનિન તથા એન્ડોર્ફિન જેવા હોર્મોન્સનો સ્ત્રાવ નીકળે છે અને સાથોસાથ તાણ પેદા કરતા કોર્ટિસોલ હોર્મોનનું લેવલ નીચે જાય છે. ઈમ્યૂન સિસ્ટમ પર તથા રુધિરાભિસણ તંત્ર પર પણ હાસ્યની સકારાત્મક અસર થતી હોવાનું કહેવાય છે, પંરતુ એ ધારણાનું સંશોધનાત્મક પરીક્ષણ કરાયું નથી. હાસ્ય કુદરતી હોવું જોઈએ. પ્રયત્નપૂર્વક જેમાં હસવાનું થાય એવી Laughter club માં જોડાવાનો મતલબ નથી. સ્વાસ્થ્યવર્ધનને લગતી એકાદ બાબત ફેશનનું સ્વરૂપ ધારણ કરે એટલે પછી ગાડરિયું વલણ તેને ચગાવી મૂકે છે. ઉભરો વહેલો મોડો શમી પણ જાય છે.

સેરોટિનિન તેમજ એન્ડોર્ફિન બન્ને 'feel good' હોર્મોન્સ કહવાય છે. સેરોટિનિનનો સ્ત્રાવ Pineal નામની અને એન્ડોર્ફિનનો સ્ત્રાવ Pituitary આંતઃ સ્ત્રાવી ગ્રંથિ કાઢે છે. શરીરના બીજા અમુક ભાગોનો (દા.ત. મગજના હાઈપોથેલામસનો તેમજ આંતરડામાં રહેલા બેકટીરિઆનો) પણ તેમાં કેટલોક ફાળો હોય છે.

## કોઈ વાનગી અમુક જણાને ભાવે
## જયારે બીજા કેટલાક લોકોને તેનો સ્વાદ બિલકુલ ન જચે તેનું કારણ શું ?

ઉછેર તથા સાંસ્કૃતિક પ્રણાલિકા મોટી ભૂમિકા અદા કરે છે. દાખલા તરીકે વેજિયેરિયન જાપાની વાનગીઓ આપણે બિલકુલ પસંદ ન કરીએ. જયારે દક્ષિણ ભારતીયોને પંજાબી સ્ટાઈલનું ભોજન મન હેઠે આવે નહિ. દક્ષિણ ભારતીયો માટે ફણસ / **Jackfruit** ફેવરિટ છે અને તે ફળના શાક ઉપરાંત મીઠાઈ પણ બનાવે છે, પરંતુ ઘણા ખરા ગુજરાતીઓને ફણસની વાસ પણ ગમતી નથી. પસંદગી–નાપસંદગીનાં બાયોલોજીકલ કારણો પણ છે. જીભ પરના સ્વાદ પારખતા સંવેદકો / **Taste Buds** વ્યક્તિ–ટુ–વ્યક્તિ ઓછા કે વધુ હોય છે. અમુક લોકો કડવા સ્વાદની પરખ કરી જાણતા બહુ ઓછા સંવેદકો ધરાવે છે. કરિયાતું પીતી વખતે પણ તેઓ મોઢું કટાણું કરતા નથી. બીજા અમુક જણા કોફી પીવાનું ટાળે, કેમ કે તેમાં કડછા સ્વાદનું કેફિન હોય છે. એક પાસું ખોરાકની વાસનું કે સોડમનું પણ ખરું. કાંદા–લસણની વાસ આપણને સહેજે ન ગમે, પણ તે બન્ને ચીજો ધરાવતી ઢાબા સ્ટાઈલની પંજાબી દાલ જમાવટ કરી દે છે.





# અજબ ગજબ

- પૃથ્વી પર દેખાતા અર્ધચંદ્ર કરતા પૂનમના ચંદ્રનો પ્રકાશ નવ ગણો હોય છે એટલે પૂનમની રાત અજવાળી હોય છે.

- જન્મથી જ અંધ હોય તેવા લોકોને સ્વપ્ન આવે ખરું પણ માત્ર અવાજ સંભળાય છે દૃશ્ય દેખાતું નથી.

- વિશ્વમાં કેમિકલ ઉદ્યોગમાં વપરાતી ચાંદીનો અર્ધોભાગ ફોટોગ્રાફી અને અરીસા બનાવવામાં વપરાય છે.

- રશિયા બે મહાદ્વીપો વચ્ચે ફેલાયેલો દેશ છે. પૃથ્વીનો છઠ્ઠો ભાગ તે રોકે છે.

- વિશ્વની સૌ પ્રથમ ઓલિમ્પિક ઈથોપિયામાં ઈ.સ.૧૮૯૬ માં યોજાયેલી એમાં નવ દેશોએ ભાગ લીધેલો.

- રેઈન ફોરેસ્ટમાં લોકો જંગલમાં રાત્રે આગિયા જીવડાને પકડી કાચની બોટલમાં પૂરી દે છે પછી તેનો ફાનસની જેમ પ્રકાશ મેળવવા ઉપયોગ કરે છે.


- વિશ્વનું પ્રથમ ઝૂ રોમન સમ્રાટ પહેલાએ ઈ.સ.૧૭૫૨ માં વિયેનામાં બનાવેલું.

- ઈટાલીનું વેનિસ શહેર નાના ૧૧૮ ટાપુઓનું બનેલું છે. તેને તરતું શહેર કહે છે. તેમાં ૪૦૦ જેટલા પુલ છે અને લોકો હોડીમાં આવ–જા કરે છે.

- પેરિસનો પ્રસિદ્ધ એફિલ ટાવર લોખંડનો બનેલો છે. ઉનાળામાં ગરમીને કારણે તેનું કદ વધે છે અને ઊંચાઈમાં નવ સેન્ટીમીટરનો વધારો થાય છે.










# BOARD EXAM


PANCHSHIL SCHOOL
S.S.C. EXAM March - 2024
HSC EXAM March - 2024
પરીક્ષા સ્થળનું નામ:-નં:- પંચશીલ સેકન્ડરી સ્કૂલ-04 પંચશીલ સેકન્ડરી સ્કૂલ-11
કેન્દ્ર નું નામ:નં:- કોઠારીયા - 6421 રાજકોટ સેન્ટ્રલ-1412 (109/2)
ઝોન નું નામ:નં:- બેડીપરા - 117 રાજકોટ-3-55
BEST OF LUCK











# હોલી સેલીબ્રેસન












# સ્કાઉટ એક્ટીવીટી














# પંચશીલ સ્કૂલ

*Happy Summer*



ઉપરના સોશ્યિલ મીડિયા આઇકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેકટ થઇએ